# આંબાની વાડી

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ઉનાળાનો સમય હતો અને આંબાની વાડીની હવામાં મીઠી સુગંધ પ્રસરી રહી હતી. આ વાડીમાં આંબાની ઘણી બધી હરોળ હતી; દૂર-દૂર જ્યાંસુધી નજર જાય, ત્યાંસુધી આંબા દેખાતાં હતાં અને તેમાંનો દરેક આંબો કેરીઓથી લદાયેલો હતો. કેરીનો રંગ નારંગી-પીળો થઈ ગયો હતો, જેને જોઈને કોઈપણ જાણકાર કહી શકે કે *હા*, તે ખાવા માટે, ખાઈને તેનો આનંદ માણવા માટે તૈયાર છે.

આ વાડીની માલિક એક દયાળુ હૃદયવાળી ઉદાર મહિલા હતી, જેના પરિવારજનો આ વાડીના માલિક હતા અને પેઢીઓથી તેની દેખભાળ રાખતાં હતાં. દરવર્ષે, જ્યારે કેરીઓ પૂરેપૂરી પાકી જતી, ત્યારે આ મહિલા એક દિવસ પસંદ કરીને પોતાની વાડી નગરનાં લોકો માટે ખોલી દેતી. દરેક વ્યક્તિ, પછી તે નાની હોય કે મોટી, અમીર હોય કે ગરીબ, આ વાડીમાં આવવા માટે આમંત્રિત હતી.

એકમાત્ર શરત એ હતી કે આ દિવસે વાડી ફક્ત ત્રણ કલાક માટે જ ખુલ્લી રહેતી. આ ત્રણ કલાકમાં લોકો જેટલી ઇચ્છે તેટલી કેરીઓ તોડીને ખાઈ શકતાં અને તેમની સાથે ટોપલીઓ ભરી ભરીને પોતાના ઘરે પણ લઈ જઈ શકતાં — અને આ બધું જ મફત હતું. પરંતુ જ્યારે ત્રણ કલાક પૂરા થઈ જાય તો પછી તેમણે વાડીમાંથી નીકળી જવું પડતું.

આ વિશેષ દિવસ ફરીથી આવી ગયો હતો. સૂર્ય પ્રકાશ સૌમ્ય અને તેજસ્વી હતો, તેનાં કિરણો વૃક્ષોમાંથી પસાર થઈને જુદાં-જુદાં, સુંદર પડછાયાના ચિત્રો સર્જી રહ્યાં હતાં. આકાશ સાફ અને વાદળો વિનાનું નીલા રંગનું હતું. અને પાકી કેરીઓની મીઠી સુગંધ વાતાવરણમાં પ્રસરીને મનને લલચાવી રહી હતી. વાડીના દરવાજાની બહાર, લોકોની લાઈન લાગવાની શરૂ થઈ ગઈ હતી.

એક મોટા સ્મિત સાથે, એ મહિલાએ ત્યાં ભેગાં થયેલાં બધાં લોકોનું અભિવાદન કર્યું.

‘‘આપ સૌનું સ્વાગત છે!’’ તેણે કહ્યું. તેણે પોતાની નજર નીચે કરીને જોયું કે ત્યાં ઊભેલાં બાળકો અંદર જોઈ રહ્યાં હતાં, અને તેમણે પોતાની આંગળીઓથી દરવાજાના લોખંડના સળિયા પકડી રાખ્યાં હતાં. ‘‘શું તમે કેરીઓ ખાવા તૈયાર છો?’’

બાળકોએ માથું હલાવીને હા પાડી, તેમની આંખો ઉત્સાહથી મોટી થઈ ગઈ હતી.

‘‘તો પછી, ચાલો અંદર આવી જાઓ!’’ મહિલાએ કહ્યું.

આમ કહીને, તેણે દરવાજાની કડી ખોલી અને બધાંને અંદર આવવા માટે ઈશારો કર્યો. લોકો અત્યંત આનંદિત થઈ ગયાં, હર્ષોલ્લાસની કિલકારીઓ કરતાં-કરતાં પહેલાં તો બાળકો દોડીને અંદર ગયાં અને તેમની પાછળ-પાછળ તેમના માતાપિતા અને બીજાં લોકો પણ વાડીમાં આવ્યાં. થોડી જ વારમાં આખી વાડીમાં લોકો આમતેમ ફરી રહ્યાં હતાં અને હાથ લંબાવીને એકબીજાને કયાં આંબા પર સૌથી વધુ રસદાર, મીઠી-મીઠી કેરીઓ છે તે બતાવીને તેને તોડી રહ્યાં હતાં. તેઓ આંબાના છાંયડામાં બેસીને અમૃત જેવી મીઠી કેરીઓને કાપીને ખાઈ રહ્યાં હતાં, ખાતાં-ખાતાં તેનો રસ તેમના હાથમાંથી ટપકી રહ્યો હતો. એવું લાગતું હતું કે બધાં જ લોકો માટે આ *સર્વોત્તમ* સમય હતો.

બસ, એક વ્યક્તિ સિવાય બધાં જ લોકો માટે. દરવાજા પાસે એક માણસ ઊભો હતો, તેનો એક પગ વાડીની અંદર અને બીજો પગ વાડીની બહાર હતો. લોકો કિલ્લોલ કરી રહ્યાં હતાં, ખાઈ રહ્યાં હતાં, હસી રહ્યાં હતાં આ બધું જે ચાલી રહ્યું હતું તેને એ માણસ શંકાભરી નજરે જોઈ રહ્યો હતો.

જ્યારે વાડીની માલકણે મૂંઝવણમાં દેખાતા આ માણસને જોયો, ત્યારે તે ચાલીને તેની પાસે ગઈ.

તેણે કહ્યું, ‘‘શ્રીમાન, શું તમે અંદર આવીને થોડી કેરીઓ ખાવા ઇચ્છો છો? જો હું વખાણ કરી શકું, તો કહીશ કે તે ઘણી મીઠી છે.’’

જવાબ આપતાં પહેલાં એ માણસ જરા થોભ્યો; તેના કપાળ પરની રેખાઓ વધુ ઊંડી થઈ ગઈ. તેણે કહ્યું, ‘‘અહીં આવ્યો ત્યારે હું એવું જ કરવા ઇચ્છતો હતો. મેં સાંભળ્યું હતું કે અહીં કેરીઓ છે અને દરેક વ્યક્તિ તેને ખાવા માટે આવી શકે છે.’’

‘‘હા, એ સાચી વાત છે,’’ માલકણે કહ્યું. તેણે એ માણસને સ્મિત કરીને પ્રોત્સાહન આપતાં કહ્યું, ‘‘તો પછી તમે અંદર કેમ નથી આવતા?’’

‘‘ખેડડડર...’’ એ માણસે ખચકાઈને કહ્યું.

‘‘શું વિચારો છો?’’ માલકણે પૂછ્યું.

‘‘હું નથી જાણતો,’’ એ માણસે જવાબ આપ્યો. પછી અચાનક જ તે બોલવા લાગ્યો, ‘‘મને લાગ્યું કે હું ખરેખર આ કેરીઓ ખાવા માગતો હતો. એટલા માટે જ હું આટલું બધું ચાલીને તમારી વાડી સુધી આવ્યો. હવે જ્યારે હું અહીં આવી ગયો છું અને આ બધાં આંબાઓને, કેરીઓને અને લોકોને જોઈ રહ્યો છું — અને આ બધું જ અત્યંત રમણીય લાગે છે — પણ હું દુવિધામાં છું.’’

‘‘શું દુવિધા છે?’’ માલકણે પૂછ્યું.

એ માણસે ફરી એકવાર તેની આસપાસ નજર ફેરવી. તેની આંખો પહોળી થઈ ગઈ જ્યારે તે દરેક આંબાને, દરેક કેરીને અને ધરતીમાતા તરફથી મળેલી આ પ્રચુરતાનો સ્વાદ લઈ રહેલી દરેક વ્યક્તિને જોઈ રહ્યો હતો. છેવટે તેણે આશ્ચર્યથી કહ્યું, ‘‘હું કહેવા માંગું છું કે આ વાસ્તવિક પણ કેવી રીતે હોઈ શકે? અમે આ બધી જ કેરીઓ ખાઈ

શકીએ છીએ? અને તે પણ આવી ઉત્તમ કેરીઓ? ના, ના, આ એટલું બધું સારું છે કે તે વાસ્તવિક ન હોઈ શકે. કંઈક તો ગરબડ હોવી જોઈએ.''

માલકણે કહ્યું, ''શ્રીમાન, કોઈ ગરબડ નથી. જો તમે અંદર આવીને થોડીક કેરીઓ ખાશો તો મને ઘણો આનંદ થશે. બસ, તમે એક જ વાતનું ધ્યાન રાખજો કે સમય મર્યાદિત છે. હું વાડીને આખા દિવસ માટે ખુલ્લી નહીં રાખી શકું. તેથી તમારે અત્યારે જ અંદર આવવું જોઈએ.''

તેની વાત પર એ માણસનું કંઈ ખાસ ધ્યાન નહોતું. તે તો પોતાના જ વિચારો અને ભાવનાઓના વમળમાં ખોવાઈ ગયો હતો.''

તેણે કહ્યું, ''સાચું કહું, મને તો એ પણ નથી ખબર કે મારે અહીં રહેવું જોઈએ કે નહીં. હું શું વિચારી રહ્યો હતો? મારે ઘરે ઘણી બધી જવાબદારીઓ પૂરી કરવાની છે. અને હું અહીં આવી ગયો, કેરીઓ ખાવા માટે!''

''શ્રીમાન'' માલકણે કંઈક બોલવાનો પ્રયાસ કર્યો, પણ હવે તો એ માણસ તેની તરફ જોઈ પણ નહોતો રહ્યો. તેની આંખો જમીન તરફ સ્થિર થઈ ગઈ હતી; તે તો ઘાસ તરફ જોઈને, અટક્યા વગર બોલી રહ્યો હતો.

''અહીં બેસીને કેરીઓ ખાવાવાળો હું કોણ છું? મેં એવું શું કર્યું છે કે મને આ ખાવા મળે? નિશ્ચિતરૂપે, આ કેરીઓ તો વધારે સારાં લોકો માટે છે.'' તેણે કહ્યું.

માલકણે મોટેથી કહ્યું, ''આ કેરીઓ દરેકને માટે છે! અને તે જ તો હેતુ છે.''

એ માણસે તેની સામે જોયું. તેણે આશ્ચર્યથી પૂછ્યું, ''દરેકને માટે?''

''હા, દરેકને માટે.'' માલકણે ફરીથી કહ્યું.

એ માણસ કંઈક બોલવા ગયો અને ચૂપ થઈ ગયો. ક્ષણભર માટે તેને તેની આંખોની આગળ પ્રકાશના ચમકારા જેવું કંઈક લાગ્યું. પણ પછી ફરીથી અંધારું થઈ ગયું. તેના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ.

''અરે, પણ તમે મને નથી જાણતા. મને ખાત્રી છે કે હું અહીં આવેલાં બીજાં લોકો જેવો નથી. ખરેખર, મારામાં આ કેરીઓ લેવાની યોગ્યતા જ નથી...''

તે આ જ રીતે બોલતો રહ્યો, તેના વિચારોમાં અને વાત કરવાની રીતમાં વ્યગ્રતા અને બેચેની વધવા લાગી. આખરે, માલકણે તેને સમજાવવાનો પ્રયાસ કરવાનું છોડી દીધું; તેણે બીજા મહેમાનોનું ધ્યાન રાખવાનું હતું. તે એ માણસને દરવાજા પાસે જ છોડીને ચાલી ગઈ, ત્યારે પણ તે માણસ પોતાની સાથે વાત કરી રહ્યો હતો.

થોડીવાર પછી, લોકો પોતાના હાથમાં કેરીઓથી ભરેલી મોટી-મોટી ટોપલીઓ લઈને વાડીની બહાર નીકળવાં લાગ્યાં. તેમને જોઈને, એ માણસ પોતાના વિચારોમાંથી બહાર આવી ગયો હોય એવું લાગ્યું.

‘‘અરે, તમે ક્યાં જઈ રહ્યાં છો?’’ તેણે તેમને પૂછ્યું.

‘‘શું તમે સાંભળ્યું નહીં?’’ તેમાંના એક વ્યક્તિએ કહ્યું. ‘‘વાડી એક મિનિટમાં બંધ થવાની છે. જો તમને કેરી જોઈતી હોય, તો જલ્દી કરો! સારું રહેશે કે તમે અત્યારે જ લઈ આવો.’’

પરંતુ, અફસોસ, એ માણસે ઉતાવળ ન કરી. તેના બદલે, તેનું મોં પડી ગયું. તેણે નિસાસો નાંખતા કહ્યું, ‘‘અરે રે....! મેં શા માટે અત્યાર સુધી રાહ જોઈ? હું આવી મૂર્ખામી કેવી રીતે કરી શકું? હવે માત્ર એક જ મિનિટ બાકી છે....’’

અને પછી તેણે જોયું કે વાડીની માલકણ તેના તરફ આવી રહી છે. તે ઊભો હતો ત્યાં આવીને તે મહિલાએ ધીરેથી કહ્યું, ‘‘મને માફ કરજો, શ્રીમાન, હવે મારે વાડી બંધ કરવી પડશે. ત્રણ કલાક પૂરા થઈ ગયા છે.’’

તે દરવાજા તરફ આગળ વધી અને એકપણ શબ્દ બોલ્યા વિના, એ માણસ પાછળ હટી ગયો. લોખંડનો દરવાજો તેની સામે બંધ થઈ ગયો; કડી લાગી ગઈ. આકાશમાં અંધારું થવા લાગ્યું, એ માણસ ત્યાં જ ઊભો હતો અને તેની થોડે દૂર હતી, એ કેરીઓ.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.